**Order Below Ex.75 in SCS No.22/2020**

અરજી વંચાણે લીધી.

વાદીના વિ.વકીલશ્રીની ને સાંભળ્યા.

૧. વાદી તરફે હાલની અરજી આપી પોતાનો પુરાવાનો અધીકાર ખોલવા તથા બે દસ્તાવેજો રજુ કરવા અને તેને આંક આપવા પરવાનગી માંગેલ છે. તેઓની રજુઆત છે કે મહત્વના દસ્તાવેજો છે આંક – ૩૨ ની ફરીયાદ જે તે કચેરીને મોકલેલ તેના દસ્તાવેજો છે, ફરીયાદ રજુ થઈ ગયેલ છે, સદર દસ્તાવેજો શરતચુકથી રહી ગયેલા હતા. તેથી પરવાનગી આપવી.

૨. જે સામે પ્રતિવાદીપક્ષને વાંધો છે કે બંને પક્ષોના પુરાવા થઈ ગયેલા છે, દલીલ ઉપર કેસ છે, હવે કઈ રીતે રજુ કરી શકાય.

૩. ઉપરોકત રજુઆતો કેસ જોતા કેસ તા.૨૮/૮/૨૦૨૦ ના રોજ રજુ થયેલ છે. વાદીઓ પોતાના આંક – ૩ ના લીસ્ટમાં ફરીયાદની નકલ રજુ કરેલ, તેન સાથે આવા કોઈ દસ્તાવેજો રજુ કરલા નહી. જે તે સમયે તેઓ પાસે આ દસ્તાવેજો ન હતા તેવો બચાવ નથી. વધુમાં વાદીનો પુરાવો તા.૮/૧૨/૨૦૨૧ થી ૧૧/૧/૨૦૨૩ સુધી ચાલ્યો. તેમાં પણ આવા દસ્તાવેજો રેકર્ડ ઉપર આવેલા નથી. તેથી અદાલતનો અભિપ્રાય એવો થાય છે કે દલીલના તબકકે આવા દસ્તાવેજો જે પ્રથમથી જ વાદીની કસ્ટડીમાં હતા અને જે દાવા સાથે કે પુરાવા સાથે રજુ થયેલા ન હોય તે રજુ કરવા પરવાનગી આપવી જોઈએ નહી. પરંતુ ભુજમાં પધ્ધતી જ આવી છે કે તમામ દસ્તાવેજો દલીલના તબકકે જ રેકર્ડ પર આવે છે અને કાયદા મુજબ કામ ચલાવવા જતા જયુડીશ્યલ વર્ક બાબતે વહીવટી ફરીયાદોનો સામનો કરવો પડે છે, ખુલાસા

આપવા પડે છે. તેથી મારી જાતને આ તમામ પ્રકારના હેરેસમેનટથી બચાવવા અદાલતને નાછૂટકે નીચે મુજબનો હુકમ કરવાની ફરજ પડેલ છે.

**હુકમ**

વાદીની અરજી તેઓએ ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી ભુજમાં કોષ્ટ પેટે રૂા.૫,૦૦૦/- પાંચ પાંચ હજાર પુરા ભરવાની શરતે વાદીની અરજી મંજુર કરવામાં આવે છે. વાદીએ કોષ્ટની રકમ સાત દિવસમાં ભરવાની રહશે. રકમ ભરાઈ જતા વાદીએ આજે રજુ કરેલા દસ્તાવેજોને આંક આપવાના રહેશે અને ત્યાર બાદના ૧ ૫ દિવસમાં વાદીએ પોતાની લેખિત દલીલ રજુ કરી આપવાની રહેશે.

Pronounced in open court on 16 th day of Month February 2023.

Place - Bhuj

Date - 16/2/2023

(Shilpa Mansukhlal Kanabar)
Principal Senior Civil Judge,
Bhuj. Code – GJ00814

| | | |
|---|---|---|
| ૧૬/૨/૨૦૨૩ | | કામ રજુ |
| | ૭૫ | વાદી તરફે પુરાવાનો અધીકાર ખોલવા અરજી સાથે દસ્તાવેજી પુરાવા લીસ્ટઅને દસ્તાવેજો |
| | | તે હેઠ હુકમ કર્યો. |
| | | કામ કોષ્ટ ભરવા |
| | | ૨૪/૨/૨૦૨૩ |

(Shilpa Mansukhlal Kanabar)
Principal Senior Civil Judge,
Bhuj. Code – GJ00814